નિરમા યુનિવર્સિટીમાં પ્રોફેસરના વર્તન સામે NSUIનો ઉગ્ર વિરોધ

એક વિદ્યાર્થીનો કોલર પકડીને ધમકાવવામાં આવ્યો હોવાનો વિડીયો વાયરલ, સસ્પેન્શન નહીં થાય તો આંદોલનની ચીમકી

અમદાવાદઃ અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાં કાર્યક્રમ દરમિયાન પ્રોફેસર દ્વારા એક વિદ્યાર્થીનો કોલર પકડીને ધમકાવવામાં આવ્યો હોવાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વિવાદ વકર્યો છે. આ ઘટનાને લઈને એનએસયુઆઈના કાર્યકર્તાઓએ યુનિવર્સિટી સત્તાવાળાઓ સામે ઉગ્ર વિરોધ કરી પ્રોફેસર સામે તાત્કાલિક સસ્પેન્શનની કાર્યવાહી કરવાની માંગ સાથે, જો તેમ નહીં થાય તો યુનિવર્સિટી કેમ્પસમાં વધુ ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

નિરમા યુનિવર્સિટીમાં તાજેતરમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન પ્રોફેસર ડૉ. એચ. કે. પટેલ સંબોધન કરી રહ્યા હતા. ત્યારે એક વિદ્યાર્થીએ કરેલી ટિપ્પણીથી પ્રોફેસર નારાજ થઈ પ્રોફેસરે તે વિદ્યાર્થીને સ્ટેજ પર બોલાવી વિદ્યાર્થીનો કોલર પકડી તેને ધમકાવ્યો હોવાનો વિડીયો સામે આવ્યો હતો. વિડીયો વાયરલ થયા બાદ વિદ્યાર્થી સંગઠનો દ્વારા આ ઘટનો સખ્ત વિરોધ થતાં નિરમા યુનિવર્સિટી સત્તવાળાઓ દ્વારા તપાસ કમિટી રચી છે. જોકે એનએસયુઆઈના કાર્યકર્તાઓએ નિરમા યુનિવર્સિટી તંત્ર સામે વિરોધ પ્રદર્શન કરી પ્રોફેસર સામે તાત્કાલિક સસ્પેન્શના પગલાં ભરવા માગણી કરી છે. એનએસયુઆઈના પ્રવક્તાએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે વિડીયો સામે હોવા છતાં યુનિવર્સિટી પ્રશાસન અને વાઇસ ચાન્સલર દ્વારા માત્ર કમિટી બનાવવાની વાત કરીને પ્રોફેસરને બચાવવા, મામલો લંબાવવામાં આવી રહ્યો છે. વિદ્યાર્થીઓ સાથે આ પ્રકારનું વર્તન સ્વીકાર્ય ન હોવાનું જણાવી પ્રોફેસરને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની માંગ કરવામાં આવી હતી. જો પ્રોફેસર ડૉ. એચ.કે. પટેલ સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો કેમ્પસમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. જ્યાં સુધી સસ્પેન્શન સહિતની કાર્યવાહી નહીં થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાની ચીમકી પણ સંગઠન દ્વારા આપવામાં આવી છે.

ગાંધીનગર મનપા ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચાવવા પોલીસના દબાણના આક્ષેપો

વોર્ડ 6-7ના ઉમેદવારોને ધમકાવાતા હોવાનો કોંગ્રેસનો દાવો; એલસીબી પોઈ સહિત પોલીસ સામે રાજ્ય ચૂંટણી પંચમાં ફરિયાદ

કોંગ્રેસે હાઈકોર્ટ જવાની ચીમકી આપી

ગાંધીનગરઃ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પત્રોની ચકાસણી વચ્ચે જ ફોર્મ પરત ખેંચાવવા પોલીસ દ્વારા દબાણ કરવામાં આવતું હોવાના કોંગ્રેસના આક્ષેપોથી રાજકીય ગરમાવો વધ્યો છે. કોંગ્રેસે વોર્ડ નં. 6 અને 7ના પોતાના ઉમેદવારો તથા તેમના પરિવારજનોને પોલીસ દ્વારા ઉમેદવારી પરત ખેંચવા માટે ધમકાવવામાં આવતા હોવાનો દાવો કરી એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર સહિતના કેટલાક પોલીસ કર્મચારીઓ સામે રાજ્ય ચૂંટણી પંચમાં રજૂઆત કરી છે. કોંગ્રેસે સમગ્ર મામલે તપાસ, ઉમેદવારોને સુરક્ષા અને પોલીસ દ્વારા કોઈપણ પ્રકારનું દબાણ ન થાય તે માટે તાત્કાલિક સૂચના આપવાની માંગ કરી છે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, કેટલાક પોલીસ કર્મચારીઓ ઉમેદવારોનો સંપર્ક કરી રહ્યા છે અને કેટલાક ઉમેદવારોના ઘરે જઈને પણ ફોર્મ પરત ખેંચવા માટે દબાણ કરવામાં આવ્યું હોવાના પુરાવા ચૂંટણી પંચને આપવામાં આવ્યા છે. આ આક્ષેપો અંગે ભાજપ અથવા સંબંધિત પોલીસ અધિકારીઓની સત્તાવાર પ્રતિક્રિયા હાલ સામે આવી નથી, તેથી આ દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.ફોર્મ પરત ખેંચાવવાના દબાણની આશંકા વચ્ચે કોંગ્રેસે પોતાના ઉમેદવારોને અગાઉ સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. હવે ચૂંટણી પંચ સમક્ષ કરવામાં આવેલી રજૂઆતમાં ઉમેદવારો અને તેમના પરિવારજનોને સુરક્ષા આપવા તથા આક્ષેપો સાચા જણાય તો જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે વિભાગીય અને જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. કોંગ્રેસે તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કરવાની ચીમકી પણ આપી છે.

કોંગ્રેસને પોતાના માણસો પર ભરોસો નથી: ભાજપનો વળતો પ્રહાર

ગાંધીનગર મનપા ચૂંટણીમાં પોલીસ દબાણના કોંગ્રેસના આક્ષેપો વચ્ચે ભાજપે વળતો પ્રહાર કર્યો છે. ભાજપના પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. અનિલ પટેલે કોંગ્રેસની ચૂંટણી પંચ સમક્ષની રજૂઆતને "પાયાવિહોણા આક્ષેપો"ગણાવી કહ્યું હતું કે , કોંગ્રેસે બંધારણીય સંસ્થાઓમાં વિશ્વાસ રાખવો જોઈએ. તેમણે આક્ષેપ કર્યો કે કોંગ્રેસ અગાઉ ઈવીએમ અને સર બાદ હવે ચૂંટણી પંચને નિશાન બનાવી રહી છે અને ચૂંટણીમાં પરાજયની આશંકાથી આવા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. ઉમેદવારો અને ટેકેદારોને સુરક્ષિત સ્થળે ખસેડવાના કોંગ્રેસના નિર્ણય અંગે પણ તેમણે સવાલો ઉઠાવી કહ્યું હતું કે , કોંગ્રેસને પોતાના ઉમેદવારો પર ભરોસો નથી.

11 વોર્ડની 44 બેઠક માટે 203 ઉમેદવારીપત્ર ભરાયા, આજે ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ

દરમિયાન ગાંધીનગર મનપાની 11 વોર્ડની 44 બેઠકો માટે કુલ 203 ઉમેદવારી પત્રો ભરાયા છે. 26 સપ્ટેમ્બરે ઉમેદવારી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ 28 સપ્ટેમ્બરે ફોર્મની ચકાસણી થઈ રહી છે અને 29 સપ્ટેમ્બર ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ તારીખ છે. ત્યારબાદ 11 ઓક્ટોબરે મતદાન અને 13 ઓક્ટોબરે મતગણતરી થશે. 2021ની મનપા ચૂંટણીમાં ભાજપે 44માંથી 41 બેઠકો, કોંગ્રેસે 2 અને આપે 1 બેઠક જીતી હતી. મતશેરમાં ભાજપને 46.49 ટકા, કોંગ્રેસને 28.02 ટકા અને આપને 21.77 ટકા મત મળ્યા હતા. આ વખતે ઉમેદવારીના તબક્કે ભાજપ, કોંગ્રેસ અને આપ ત્રણેય મુખ્ય પક્ષો તમામ 44 બેઠકો માટે મેદાનમાં છે, જ્યારે ડમી અને અન્ય ઉમેદવારો સહિત ભરાયેલા 203 ફોર્મ બાદ 29 સપ્ટેમ્બરે ફોર્મ પરત ખેંચાયા પછી અંતિમ ચિત્ર સ્પષ્ટ

અંબાજી મેળામાં જવા 13.04 લાખ ભક્તોએ ST બસ સેવાનો લાભ લીધો

સાત દિવસમાં રૂ.9.51 કરોડની આવક, ભીડને પહોંચી વળવા 30 હજાર એક્સ્ટ્રા ટ્રીપનું સંચાલન કરાયું

ગાંધીનગરઃ અંબાજીના ભાદરવી પૂનમના મહામેળા દરમિયાન માઈભક્તોની ભારે ભીડને પહોંચી વળવા ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (GSRTC) દ્વારા 30 હજાર એક્સ્ટ્રા ટ્રીપનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ વિશેષ બસ સેવાનો 13.04 લાખથી વધુ મુસાફરોએ લાભ લીધો હતો. સાત દિવસના મેળા દરમિયાન સંચાલિત આ એક્સ્ટ્રા ટ્રીપ થકી નિગમને રૂ.9.51 કરોડની આવક થઈ હતી. રાજ્યભરમાંથી અંબાજી પહોંચતા શ્રદ્ધાળુઓને પરિવહનની અગવડ ન પડે તે માટે વધારાની બસો ફાળવીને સુચારૂ આયોજન કરવામાં આવ્યું હતું. ભીડના પ્રમાણને ધ્યાનમાં રાખીને વિવિધ રૂટ પર વધારાની ટ્રીપ દોડાવવામાં આવી હતી, જેના પરિણામે લાખો મુસાફરો સમયસર અને સલામત રીતે પોતાના ગંતવ્ય સુધી પહોંચી શક્યા હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ એસટી નિગમ દ્વારા કરવામાં આવેલા આયોજનમાં મુસાફરોની સુરક્ષા, સમયપાલન અને સુવિધા પર ભાર મૂકવામાં આવ્યો હતો. મેળા દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ એસટી નિગમની વિશેષ બસ સેવાનો ઉપયોગ કરતાં નિગમ માટે આ વિશેષ પરિવહન વ્યવસ્થા સફળ રહી.

યુવાશક્તિમાં સંસ્કાર જગાવવા ગુજરાતમાં વક્તૃત્વનો મહાકુંભ

GSVS-2026નો પ્રારંભ; વર્ગ કક્ષાથી રાજ્ય કક્ષા સુધી ચાર તબક્કામાં સ્પર્ધા

રાજ્ય કક્ષાના વિજેતાને રૂ.1 લાખ, નશામુક્ત ભારતથી સંસ્કૃતિ-સંસ્કાર સુધીના વિષયો પર વક્તવ્ય

ગાંધીનગરઃ યુવાશક્તિને સંસ્કાર, સંસ્કૃતિ અને રાષ્ટ્રનિર્માણ સાથે જોડવાના હેતુથી ગુજરાતમાં ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા-2026 (GSVS)નો પ્રારંભ થયો છે. ઉચ્ચ શિક્ષણ વિભાગ અને સેવ કલ્ચર-સેવ ભારત ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે યોજાનારી આ રાજ્યવ્યાપી સ્પર્ધા વર્ગકક્ષા, કોલેજ, ઝોનલ અને રાજ્યકક્ષાના ફાઈનલ એમ ચાર તબક્કામાં યોજાશે. સ્પર્ધામાં વિદ્યાર્થીઓ નશામુક્ત ભારત, સ્વચ્છ સાયબર ભારત, વિકસિત ભારત @2047, સંસ્કૃતિ-સંસ્કાર અને નાગરિક ફરજો જેવા વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.

ગાંધીનગરથી સ્પર્ધાનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, જ્ઞાનની સાથે યુવાધનમાં વિનય, વિવેક, સુશીલતા અને સંસ્કારનું સિંચન કરવું સમયની માંગ હોવાનું તેમણે જણાવ્યું હતું. રાજ્યકક્ષાના ફાઈનલમાં પહોંચનારા વિદ્યાર્થીઓ માટે શિબિરનું આયોજન કરવામાં આવશે. અંતિમ તબક્કામાં પ્રથમ વિજેતાને રૂ.1 લાખ, દ્વિતીયને રૂ.71 હજાર અને તૃતીયને રૂ.51 હજારનું ઈનામ આપવામાં આવશે. જ્યારે 11 ઝોનમાંથી રાજ્યકક્ષાના ફાઈનલ માટે પસંદ થયેલા વિદ્યાર્થીઓને રૂ.11 હજાર ઉપરાંત ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરાશે. સ્પર્ધા અંતર્ગત રાજ્યની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો તથા યુનિવર્સિટીઓમાં વિવિધ તબક્કે આયોજન થશે. વર્ગકક્ષાના ત્રણ મિનિટના સ્ક્રિનિંગ રાઉન્ડમાંથી વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે. ત્યારબાદ કોલેજ અને ઝોનલ કક્ષાની સ્પર્ધા યોજાશે. રાજ્યના 11 ઝોનમાંથી 20 ટકા સ્પર્ધકોની રાજ્યકક્ષાના ફાઈનલ માટે પસંદગી કરવામાં આવશે. ઝોનલ કક્ષાએ પસંદ થયેલા વિદ્યાર્થીઓને રૂ.11 હજાર, ટ્રોફી અને પ્રમાણપત્ર અપાશે.

રાજ્યકક્ષાનો ફાઈનલ રાઉન્ડ શિબિર સ્વરૂપે યોજાશે, જેમાં પસંદ થયેલા વિદ્યાર્થીઓ નિર્ધારિત વિષયો પર વક્તવ્ય અને ચર્ચામાં ભાગ લેશે. રાજ્યકક્ષાએ પ્રથમ વિજેતાને રૂ.1 લાખ, દ્વિતીયને રૂ.71 હજાર અને તૃતીયને રૂ.51 હજારનું ઈનામ ઉપરાંત ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવશે. કોલેજ કક્ષાના પ્રથમ વિજેતાને રૂ.1,100 તથા બેસ્ટ સ્પિકર ઓફ કોલેજની ટ્રોફી અને પ્રમાણપત્ર અપાશે. સ્પર્ધાના વિષયોમાં નશામુક્ત ભારત અભિયાન અને સ્વચ્છ સાયબર ભારત મિશન, વિકસિત ભારત @2047 અને આત્મનિર્ભર ભારત, સંસ્કૃતિ અને સંસ્કારઃ રાષ્ટ્રના અસ્તિત્વનો આધાર, 'કડવા ફળ છે ક્રોધના' તથા ભારતીય નાગરિક તરીકેની ફરજો અને બંધારણની કલમ 51(ક)નો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગણપતિ બાપ્પાની વિદાય બાદ નવરાત્રિની તડામાર તૈયારી

ગણપતિ બાપ્પાની વિદાય બાદ હવે નવરાત્રિની પડઘમ વાગી રહ્યા છે. માં અંબાની ઉપાસનાના પર્વને મનાવવા ભક્તોમાં ભારે ઉમંગ જોવા મળી રહ્યો છે. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે ગરબા મોહત્સવ માટેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. **(તસવીરઃ જનક પટેલ, અમદાવાદ)**

અમદાવાદના માધુપુરા માર્કેટમાંથી 12.93 લાખનો ઘીનો જથ્થો જપ્ત

એચ.પી. ફૂડ્સમાંથી લેવાયેલા ઘીનાં 5 સેમ્પલ સબસ્ટાન્ડર્ડ

અમદાવાદઃ અમદાવાદમાં નકલી અને ભેળસેળયુક્ત ઘીના વેચાણ સામે અમદાવાદ મનપાના આરોગ્ય વિભાગે કાર્યવાહી હાથ ધરી માધુપુરા માર્કેટમાં દુકાનમાં દરોડો પાડી ભેળસેળયુક્ત 3,142 કિલોગ્રામ ઘીનો જથ્થો, જેની કિંમત આશરે રૂ.12,93,417નો જથ્થો જપ્ત કરી વેપારી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગે મનપાના સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે મનપાના આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન માધુપુરા માર્કેટની એચ.પી. ફૂડ્સમાંથી અલગ-અલગ બ્રાન્ડના ઘીના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેમાંથી કુલ 3,142 કિલોગ્રામ ઘીનો જથ્થો, જેની કિંમત આશરે રૂ.12,93,417નો વેચાણ માટે સ્થગિત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ હેઠળ કુલ 8 સેમ્પલ લેવામાં આવ્યા હતા. નિર્ધારિત ધોરણો મુજબ લેબોરેટરીમાં કરવામાં આવેલા પરીક્ષણમાં આ પૈકીના પાંચ સેમ્પલ 'સબસ્ટાન્ડર્ડ' જાહેર થયા હતા. ત્યારબાદ મનપાના આરોગ્ય વિભાગે સંબંધિત એકમ સામે કાર્યવાહી હાથ ધરી છે. મનપાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરમાં ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ કરતા વિવિધ એકમોમાં તપાસ અને સેમ્પલિંગની કામગીરી કરવામાં આવી રહી છે.

કપાસના ટેકાના ભાવ માટે 31 ઓક્ટોબર સુધી નોંધણી કરી શકાશે

લંબતારી કપાસનો લઘુતમ ટેકાના ભાવ રૂ.8,667 અને મધ્યમ તારી કપાસનો રૂ.8,267 પ્રતિ ક્વિન્ટલ

ગાંધીનગરઃ ગુજરાતમાં 2026-27ની ખરીફ સીઝનના કપાસની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ટેકાના ભાવે કપાસ વેચવા ઇચ્છુક ખેડૂતો 31 ઓક્ટોબર, 2026 સુધી ભારતીય કપાસ નિગમ (CCI)ની 'કપાસ કિસાન' મોબાઇલ એપ પર ઓનલાઈન નોંધણી કરાવી શકશે. રાજ્યના કપાસ ઉત્પાદક ખેડૂતોને સમયમર્યાદા પહેલાં સત્વરે નોંધણી કરાવવા ખેતી નિયામક તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ભારત સરકારે ચાલુ ખરીફ સીઝન માટે જાહેર કરેલા લઘુતમ ટેકાના ભાવ મુજબ લંબતારી કપાસનો ભાવ રૂ.8,667 પ્રતિ ક્વિન્ટલ અને મધ્યમ તારી કપાસનો ભાવ રૂ.8,267 પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યો છે.

કપાસની ટેકાના ભાવે ખરીદીનો લાભ લેવા ખેડૂતો માટે 'કપાસ કિસાન' એપ પર નોંધણી જરૂરી રહેશે. એપ પર નોંધણી કરાવ્યા બાદ ખેડૂતોને ટેકાના ભાવે ખરીદી, ખરીદી કેન્દ્રો તેમજ અન્ય સંબંધિત માહિતી સરળતાથી મળી શકશે. ખરીદી કેન્દ્રો અને MSP અંગેની વિગતો ભારતીય કપાસ નિગમની CCIની સત્તાવાર વેબસાઇટ પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

સુડોકુ ૭૨૬૩

				૨	૩		૯	૭
		૧					૩	૫
૩		૪		૭	૧	૨		૬
૭		૬	૯	૮	૪	૩		
			૬	૫	૭	૯		
૫					૨			૪
	૨	૩			૮	૫	૪	૯
૯	૪	૭		૧	૫	૮	૬	૩
૮	૬	૫		૪			૨	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

દૂઝતા હરસ

લોહી જતું હોવાથી વ્યક્તિ અતિ માનસિક પરિતાપ વેઠે છે. કાળા તલ 50 ગ્રામ અને પીળા નાગકેસર 50 ગ્રામનું ચૂર્ણ કરવું. તેમાંથી પાંચ, પાંચ ગ્રામ ચૂર્ણ ચમચી ઘી અને ચમચી સાકર સાથે ભેળવી સવાર, સાંજ લેવું.

અમદાવાદના વસ્ત્રાલમાં ધોરણ-10ની વિદ્યાર્થિનીની છેડતી, રિક્ષાચાલક ઝડપાયો

ઓઢવ જડેશ્વર વન પાસે સુમસામ જગ્યાએ રિક્ષા રોકી સગીરા સાથે છેડતીનો પ્રયાસ

અમદાવાદઃ અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં ધોરણ-10 વિદ્યાર્થિની સાથે છેડતીનો બનાવ બન્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ, શહેના અને ધોરણ-10માં અભ્યાસ કરતી સગીરા પોતાના ઘરેથી ટ્યુશન ક્લાસ જવા માટે નીકળી હતી. ટ્યુશન જવા માટે તે રિક્ષામાં બેઠી હતી, ત્યારે રિક્ષાચાલક સગીરાને ટ્યુશન ક્લાસ તરફ લઈ જવાને બદલે ઓઢવ જડેશ્વર વનના ગેટ પાસે લઈ જઈને સુમસામ જગ્યાએ રિક્ષા ઊભી રાખી રિક્ષાચાલકે સગીરા સાથે છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો. અચાનક બનેલી ઘટનાથી ગભરાઈ જવા છતાં સગીરાએ હિંમત દાખવી રિક્ષાચાલકને ધક્કો મારી, રિક્ષામાંથી નીચે ઉતરી ત્યાંથી અન્ય રિક્ષા પકડી ટ્યુશન ક્લાસ પહોંચી હતી. સગીરા ટ્યુશન ક્લાસમાં પહોંચી ત્યારે તેના ચહેરાનો હાવભાવ અને ગભરાહટ જોતા ટ્યુશનના શિક્ષિકાબેનએ વિદ્યાર્થીનીને ગભરાટનું કારણ પૂછતાં પોતાની સાથે બનેલી સમગ્ર ઘટના શિક્ષિકાને જણાવી હતી. શિક્ષિકાએ તાત્કાલિક સગીરાની માતાને જાણ કરી હતી. દીકરી સાથે બનેલી ઘટનાની જાણ થતાં માતાએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી રિક્ષાચાલક કલ્પેશ પટેલની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

શબ્દગુંફન - ૭૨૫૬

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. લંબોદર, ગણપતિ (૪)
૪. પાછું (૩)
૭. પૂજા કરનાર (૩)
૮. પ્રથા, ધારો (૩)
૧૦. ચર્ચા, ઊહાપોહ (૪)
૧૨. હવા (૨)
૧૩. અનાજ (૨)
૧૪. લોટો (૩)
૧૬. લક્ષ્મી (૨)
૧૮. કૃષ્ણ (૨)
૧૯. હિંમત (૨)
૨૦. પ્રથા, રિવાજ (૩)
૨૧. એક વાર (૨)
૨૨. ઋતુ (૨)
૨૩. ભીડાતું, તાણેલું (૨)
૨૪. ઘોડાવાળો, શૂરવીર (૩)
૨૫. પરંતુ (૨)
૨૬. પૃથ્વી (૨)
૨૭. દેવું, ઋણ (૩)
૩૦. ઊંડુ, ગાઢ (૩)
૩૨. જોગવાઇ (૪)
૩૩. એક ક્ષાર (૪)

ઊભી ચાવી

૨. સરદાર, આગેવાન (૩)
૩. એક સુગંધી પદાર્થ (૩)
૪. તળેલી મીઠાઇ (૪)
૫. હોડી (૨)
૬. વીજળી, વિદ્યુત (૨)
૯. બહુબોલું (૩)
૧૦. ચાલાક, હોશિયાર (૩)
૧૧. લીલું ઘાસ (૨)
૧૩. દુશ્મન (૨)
૧૪. ઓછું, ખરાબ (૨)
૧૫. હોડ, બોલી (૩)
૧૭. રસ્તો, રાહ (૩)
૧૮. સોબત, સંગાથ (૪)
૧૯. નુકસાન (૨)
૨૧. સો (૩)
૨૨. રેતીનું મેદાન (૨)
૨૩. પૈસાદાર, તાલેવંત (૪)
૨૫. સતામણી (૪)
૨૬. ઇચ્છા, મનિષા (૩)
૨૮. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૨૯. મૂળ ગામ કે દેશ (૩)
૩૧. મિત્ર (૨)



બીએસસી નર્સિંગ સહિતના કોર્સમાં પ્રવેશ માટે ત્રીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ શરૂ

ગાંધીનગરઃ વર્ષ 2026-27 માટે બી.એસસી. નર્સિંગ, ફિઝિયોથેરાપી, જી.એન.એમ., એ.એન.એમ., ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, બી. ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, બી.એ.એસ.એલ.પી. તેમજ નેચરોપેથી સહિતના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ત્રીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ 3 ઓક્ટોબર, 2026 સુધી ઓનલાઈન ચોઈસ ફિલિંગ કરી શકશે. બીજા રાઉન્ડમાં કોર્સ મુજબ રિપોર્ટિંગની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કુલ 36,947 બેઠક ખાલી રહી છે, જ્યારે બીજા રાઉન્ડમાં 14,523 બેઠક પર પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. ચોઈસ ફિલિંગની પ્રક્રિયા 3 ઓક્ટોબરના રોજ સવારે 10 વાગ્યા સુધી ખુલ્લી હજુ 36,947 બેઠકો ખાલી રહી છે.

બાળ કલ્યાણ યોજનાઓથી 27 હજારથી વધુ બાળકોને રૂ.132 કરોડની સહાય

પાલક માતા-પિતા યોજના સહિતની યોજનાઓથી અનાથ-નિરાધાર બાળકોને આર્થિક સહારો

પાલક માતા-પિતાને માસિક રૂ.3 હજાર, જરૂરિયાતમંદ બાળકોને રૂ.5 હજારથી રૂ.25 હજાર સુધીની શિષ્યવૃત્તિ

ગાંધીનગરઃ અનાથ, નિરાધાર અને જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ અને જીવનઘડતર માટે અમલમાં રહેલી વિવિધ કલ્યાણ યોજનાઓ હેઠળ વર્ષ 2025-26થી ઓગસ્ટ 2026 સુધીમાં રાજ્યના 27 હજારથી વધુ બાળકોને રૂ.132 કરોડથી વધુની આર્થિક સહાય અને શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. આ સહાયમાં બાળકોની સંભાળ રાખતા નજીકના સગાંને મળતી માસિક સહાયથી લઈને શિક્ષણ માટેની શિષ્યવૃત્તિ તથા લાભાર્થી દીકરીના લગ્ન સમયે મળતી આર્થિક સહાયનો સમાવેશ થાય છે.

'પાલક માતા-પિતા યોજના' હેઠળ માતા-પિતા ગુમાવેલા અથવા માતા-પિતાના પુનઃલગ્નના કિસ્સામાં તેમની સાથે ન રહેતા 18 વર્ષ સુધીના બાળકોની સંભાળ રાખતા નજીકના સગાને દર મહિને બાળકદીઠ રૂ.3 હજાર DBT મારફતે આપવામાં આવે છે. વર્ષ 2025-26માં 21,881 લાભાર્થીઓને રૂ.80.81 કરોડ અને એપ્રિલથી ઓગસ્ટ 2026 દરમિયાન 22,224 બાળકોને રૂ.34.24 કરોડની સહાય ચૂકવાઈ છે. શેરો પોઝીટીવ ઈલનેશના કારણે અનાથ કે નિરાધાર બનેલા તથા આ બીમારીથી અસરગ્રસ્ત બાળકો માટેની શિષ્યવૃત્તિ યોજના હેઠળ પણ સહાય આપવામાં આવે છે. ધોરણ પ્રમાણે વાર્ષિક રૂ.5 હજારથી રૂ.25 હજાર સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. વર્ષ 2025-26માં 5,440 બાળકોને રૂ.1.86 કરોડ અને એપ્રિલથી ઓગસ્ટ 2026 દરમિયાન 5,540 બાળકોને રૂ.3.87 કરોડની શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. આ ઉપરાંત પાલક માતા-પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી 18 વર્ષ પૂર્ણ કરેલી દીકરીના લગ્ન સમયે એક વખત રૂ.2 લાખની સહાય આપવામાં આવે છે. વર્ષ 2025-26માં 406 દીકરીઓને રૂ.8.12 કરોડ અને એપ્રિલથી ઓગસ્ટ 2026 દરમિયાન 215 દીકરીઓને રૂ.4.30 કરોડની સહાય ચૂકવવામાં આવી છે. આ યોજનાઓનો મુખ્ય હેતુ માતા-પિતાની છત્રછાયા ગુમાવનારા તથા આર્થિક રીતે જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ, ઉછેર અને ભવિષ્યને આર્થિક

આજનું પંચાંગ

તા. 29/09/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** ભાદરવો
તિથિ: વદઃ ત્રીજ 17.11 સંકષ્ટ અંગારકી ચતુર્થી
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આષો-07
યોગ : હર્ષણ **કરણ:** બવ
નક્ષત્ર : અશ્વિની, 9.4 પછી ભરણી
રાશિ: મેષ (અ.લ.ઇ.)
દિવસ : તૃતિયા શ્રાધ્ધ, ભરણી શ્રાધ્ધ
સુરતમાં સૂર્યોદય : 06:30 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:28
નવકારસી : 07:18
પારસી વર્ષ : 1396 અરદીબેહેસ્ત માસનો 16મો રોજ
મુસલમાન વર્ષ :1448 રબિઉલ આખર માસનો 17મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરેઃ 15:00થી 16:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): રંગીન અને રોમેન્ટીક મુલાકાત થાય. નવા સામાજિક સંબંધો બને. કામકાજમાં અનુકૂળતા રહે. શુભ સમાચાર મળે.

વૃષભ (બ,વ,ઉ,): લેવડ-દેવડમાં લાગણીઓ પર કાબૂ રાખવો. ધાર્મિક યાત્રા થાય. સામાજિક યશ મળે. સરકારી કામમાં મદદ મળે.

મિથુન (ક,છ,ઘ,): આર્થિક બાબતે સામાન્ય રહે. હરીફોથી સાવધાન. સંતાનોના પ્રશ્નો સતાવે. શુભ સમાચાર મળે. આવક વધે.

કર્ક (ડ,હ,): વેપાર-ધંધામાં નવી યોજના બને. નવા સોદા પાર પડે. નોકરીમાં ટીમ વર્કનો લાભ મળે. નવી જવાબદારી મળે.

સિંહ (મ,ટ,): અટકેલા કામમાં ગતિ આવે. પ્રવાસ, પર્યટન, આયાત, નિકાસ, ઉચ્ચ શિક્ષણ, કાયદા વગેરેને લગતા કામમાં પ્રગતિ થાય.

કન્યા (પ,ઠ,ણ,): નવા કામમાં વડીલોની સલાહ ઉપયોગી રહેશે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. ખર્ચા વધશે.

તુલા (ર,ત,): નવા કરારથી ભાગીદારીમાં પ્રગતિ થાય. બાંધકામના ધંધામાં પ્રગતિ થાય. ઘરમાં અવરજવરથી અશાંતિ વધે.

વૃશ્ચિક (ન,ય,): આરોગ્યનું ધ્યાન રાખવું. પડવા-વાગવાથી સાવધાન રહેવું. વિજાતિય મિત્રોનો સાથ મળે. વ્યવહારમાં સાવધાન રહેવું.

ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રેમમાં સાથ મળે. મનગમતી મુલાકાતથી ઉત્સાહ વધે. સંતાનોના પ્રશ્નો સતાવે. નવા કામની શરૂઆત થાય.

મકર (ખ,જ,): ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. સામાજિક કામમાં યશ મળે. નોકરીમાં નવી તક મળે. પ્રવાસમાં ધીરજ રાખવી.

કુંભ (ગ,સ,શ,ષ,): આત્મવિશ્વાસ વધશે. નવા કામની શરૂઆત થાય. આવક વધે. મિત્રો સાથે વ્યવસાયિક યોજના બને.

મીન (દ,ચ,ઝ,થ,): વાણી પર કાબૂ રાખવો. મોજશોખ, ખાણીપીણીના ધંધામાં આવક વધે. ઘરમાં ઉત્સાહજનક વાતાવરણ રહે.

કોઈ પણ સાલમાં 29 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહે. નવી તકો સાથે નવા ફેરફાર અને જવાબદારી તથા સંઘર્ષ વધારનાર રહેશે. નોકરી ધંધામાં ટેકનોલોજીનો ઉપયોગ વધે. ચડતીપડતી રહે. હરીફો પરેશાન કરે. સમાજમાં યશ મળે. પરિવારની અપેક્ષાઓ વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. અટકેલા કામમાં પ્રગતિ થાય. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. સંતાનોનો અભ્યાસ કેરિયરમાં પ્રગતિ થાય. સરકારી નોકરીની તક મળે. વિદેશનાં કામ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. સ્ત્રી વર્ગની નોકરી વગેરેમાં કદર થાય. પ્રમોશન થાય. પ્રેમવિવાહમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્ય વર્ષમાં સફળ બને. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. આરોગ્ય સામાન્ય રહે. વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં પ્રગતિ થાય. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇ, સોમ-ગુરુવાર, 2, 11, 20, 29 તારીખે નવા કામ કરવા. સફેદ, ક્રીમ, રંગનો ઉપયોગ કરતા રહેવું. જાન્યુઆરી, ફેબ્રુઆરી, મંગળ-બુધવાર 5, 8 તારીખે નવા કામ ટાળવાં, લીલા, કાળા, નીલા રંગનો ઉપયોગ ટાળવો.